**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા..૧૪/૯/૨૦૧૫ સોમવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા :-** **સમાચાર યાદી નં.૧૮૫૫/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૨ કેસ કરી અને ૪૧ વ્યક્તિઓને ઝડપી ૧૪૯ લીટર દેશી દારૂ, ૨ બોટલ ઇગ્લીશ દારૂ, ૩૬૦ બિયર ટીન, ૧ રિક્ષા અને ૨ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૩ કેસ કરી ૧૧ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૮૨,૩૨૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૮૫૬/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૮૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**સૃષ્ટી વિરૂધ્ધનાં કૃત્યની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૮૫૭/૧૫**

**સાબરમતી :** સાબરમતી વિસ્તારમાં રહેતાં ૯ વર્ષના પુત્રનાં પિતાએ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૩/૯/૧૫ સવારનાં ૧૧/૪૫ વાગ્યાના સુમારે પોતાના પુત્રને ઘર નજીક રહેતાં ૧૬ વર્ષના છોકરાએ પોતાના ઘરે બોલાવી, બળજબરીથી સૃષ્ટી વિરૂધ્ધનું કૃત્ય કરી, "જો તારા માતા-પિતાને જણાવીશ તો જાનથી મારી નાંખીશ" તેવી ધમકી આપી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.એન.સાધુ ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૮૫૮/૧૫**

**વટવાઃ** કેતનભાઈ રમેશચંદ્ર ગજ્જર (ઉ.વ.૪૮)(રહે.પુષ્પક ટેનામેન્ટ ઘોડાસર વટવા) તા.૧૩/૯/૧૫ સવારના ૯/૦૦ વાગ્યાના સુમારે નારોલ અસલાલી હાઈ-વે રોડ કોઝી હોટલ સામેથી મોટર સાયકલ ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે ટેન્કર નંબર જીજે ૨૪ વી ૭૫૯૬ નાચાલકે ટેન્કર પુર ઝડપે અને બેદરકારીથી ચલાવી મોટર સાયકલને ટક્કર મારતા કેતનભાઈને ગંભીર ઈજાઓ થતા સારવાર માટે એલ.જી. હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર કેતનભાઈના ભત્રીજા ધવલભાઈ સુથારે વટવા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે એસ પટેલ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>ત્યજી દિધેલ તાજુ જન્મેલ શીશુ મળી આવવા બાબતઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૮૫૯/૧૫</u>**

**શાહીબાગ :** તા.૧૩/૮/૧૫ રાતનાં ૯/૦૦ વાગ્યાના સુમારે શાહીબાગ પોલીસને ન્યુ લક્ષ્મીનગર ના છાપરા ઘોડાકેમ્પ રોડ ઉપર આવેલ કચરાપેટીની બાજુમાંથી બિનવારસી ત્યજી દિધેલ હાલતમાં, તાજુ જન્મેલ બાળક(બાબો) મળી આવતાં, શાહીબાગ પોલીસે અજાણી વ્યક્તિ વિરૂધ્ધ ગુનો નોંધી આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.બી.ઝાલા ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૮૬૦/૧૫</u>**

**રિવરફ્રન્ટ (ઇસ્ટ) :** સુમીલભાઇ ગેમરભાઇ વાઘેલા (ઉ.વ.૨૧)(રહે. ગાંધીવાસ-૧, જનપથ હોટલની પાછળ, ટોલનાકા સાબરમતી) એ કોઇ કારણોસર તા.૧૩/૯/૧૫ બપોરનાં ૧/૨૦ વાગ્યા પહેલાં કોઇપણ સમયે સુભાષબ્રીજ નીચે નારાયણ ઘાટ ખાતે નદીમાં ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ (ઇસ્ટ) પોલીસે અકસ્માત મોત નોધી, આ અંગેની તપાસ હે.કો.શ્રી રમણભાઇ ગણપતભાઇ ચલાવે છે.

**રિવરફ્રન્ટ (વેસ્ટ) :** નસીમઅખ્તર આફતાબઆલમ રાજપુત (ઉ.વ.૩૮)(રહે.ગોલ્ડન કોમ્પલેક્ષ, હાજી ગફારની ચાલી સામે, ઉષા ટોકીઝ રોડ, ગોમતીપુર) એ કોઇ અગમ્ય કારણોસર તા.૧૩/૯/૧૫ ના કલાક ૯/૪૫ વાગ્યા પહેલાં કોઇપણ સમયે નહેરૂબ્રીજ પતંગ હોટલ પાસે, રીવરફ્રન્ટ નજીક નદીમાં ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ (વેસ્ટ) પોલીસે અકસ્માત મોત નોધી, આ અંગેની તપાસ હે.કો.શ્રી ખોડાભાઇ અરજણભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)